## રેગ્યુલર દિવાની મુકદમા.નં.૯૯ સને ૨૦૧૭

## આંક: ૦૧ નીચે હુકમ.

આજરોજ પોકાર કરતા પક્ષકારો તથા તેમના વિ.વકીલશ્રી ગેરહાજર છે.મજકુર કામ સંતરામપુર ખાતે સીનીયર સીવીલ કોર્ટ કાર્યરત થતા પ્રિન્સી.સીની.સીવીલ જજ સાહેબશ્રી લુણાવાડા ખાતેથી ટ્રાન્સફર થઈને અત્રેની કોર્ટમાં આવેલ છે.પ્રસ્તુત કેસનું રેકર્ડ,રોજકામ ધ્યાને લેતા મજકુર કામે વાદીને આ કામ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયા અંગેની નોટીસ **તા.૦૨/૦૧/૧૮**ના રોજની બજેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે.જે મજકુર કામે રેકર્ડમાં આંક.૧૦ થી સામેલ રહેલ છે,જે નોટીસ બજયા બાદની આજદીન તારીખ સુધી અંદાજે એક વર્ષ ઉપરાંતના સમય દરમ્યાનની મુદત તારીખોમાં વાદી જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે આ કામે હાજર રહેલ હોય અને કેસની કાર્યવાહી આગળ ચલાવેલ હોય તેવુ રેકર્ડ,રોજકામ ધ્યાને લેતા ફલીત થતુ નથી.આજરોજ પણ દિવસ દરમ્યાન અનેકાનેક વખત વાદી તથા તેમના વિ.વકીલશ્રીને પોકાર કરવા છતાં તેઓ આ કામે હાજર રહેલ નથી તે હકીકત અને સંજોગોમાં મજકુર કામના વાદી પ્રસ્તુત કેસની કાર્યવાહી કાયદાનુસાર આગળ ચલાવવા માંગતા નથી તેવુ માનવાને કારણ રહેતુ હોઈ વાદીની ગેરહાજરીના કારણે ઉપરોકત હકીકત અને સંજોગોમાં વાદીનો દાવો ડીસમીસ (રદ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતે પોતાનો ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૯ મી માહે ફેબ્રુઆરી સને **૨૦૧૯** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : સંતરામપુર.**
**તારીખ : ૧૯/૦૨/૨૦૧૯**

**(કૌશાંગકુમાર અનિલકુમાર અંજારીઆ)**
**GJ0 0615**
**પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ**
**સંતરામપુર.**